.

# જેતપુરનો કાપડ ઉદ્યોગ

**સોંદરવા નયન એમ**

PhD Scholar

Department of Economics

Saurashtra University Rajkot

ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

સારાંશ

જેતપુર એ એક કાપડનું શહેર છે હાલમાં જોઈએ તો જેતપુર સ્ક્રીન પ્રિંટિંગ, બ્લોક પ્રિંટિંગ માટે દેશનું એક મોટું કેન્દ્ર છે. તે સુતરાઉ સાડી માટે પણ પ્રખ્યાત છે જેતપુરના વિકાસમાં ડાઇંગ ઉદ્યોગના મહત્વનો ફાળો રહ્યો છે કાપડના વેપારમાં જેતપુર પહેલેથી જ મોખરે છે ધોરાજી, ઉપલેટા, કુતિયાણા, પોરબંદર, જુનાગઢ વગેરેના લોકો સાડીની ખરીદી માટે જેતપુર આવતા હતા આજે જેતપુરમાં લગભગ 2000થી વધુ નાના-મોટા સાડી અને ડ્રેસના યુનિટો ચાલી રહ્યા છે અને હજારો લોકોને રોજગારી પૂરી પાડી રહ્યું છે. જેતપુરમાં રંગાયેલી સાડીઓ ડ્રેસ અન્ય કાપડનો રંગ પાકો અને ટકાઉ છે. આજે જેતપુરનો આ સાડીની માંગ માત્ર ભારત પૂરતી જ નહીં પણ વિદેશમાં પણ છે. જેતપુરના કિટાંગો, ખાગ, ચૂટણી પ્રચાર માટેનું કાપડ, ડ્રેસ, ખાસ પ્રકારની બાંધણી અને ધાર્મિક પ્રસંગ માટેનું કાપડ વિદેશમાં જાય છે. વિદેશ વ્યાપારમાં જોઈએ તો આફ્રિકા, કોરિયા, પાકિસ્તાન, બાંગ્લાદેશ, ચીન, યુરોપ અને અરબના દેશોમાં જેતપુરની નિકાસો થાય છે.

ચાવીરૂપ શબ્દ - ડાંઇગ,પ્રિન્ટીંગ,ખાગા,કિટાંગા,બાંધણી,ગરમ ખાતુ,ઠંડુ ખાતુ

પ્રસ્તાવના

ભારતમાં પ્રાચીન કાળથી જ ઉદ્યોગોનો સારો વિકાસ થયો હતો પરંતુ ભારતમાં બ્રિટિશ શાસન દરમ્યાન કેટલીક પ્રતિકૂળતાઓને કારણે મોટાભાગના ઉદ્યોગો મૃતપાય બન્યા હતા. આઝાદી પછી આયોજન કાળથી જ ઉદ્યોગોના વિકાસ ઉપર ભાર મુકવામાં આવ્યો છે. અને આજે ભારતમાં ઉદ્યોગોનો વિકાસ ખુબજ સારા પ્રમાણમા થયેલો જોવા મળે છે ભારતમાં ગુજરાત એ એક મહત્વનુ ઉદ્યોગ મોડેલ છે. દેશના ઔદ્યોગિક ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો લગભગ ૧૭.૨૫% જેટલો છે ગુજરાતમાં કાપડ ઉદ્યોગ, રસાયણ ઉદ્યોગ, પેટ્રોકેમિકલ્સ, ડેરી ઉદ્યોગ વગેરે મહત્વના ઉદ્યોગો છે. કાપડ ઉદ્યોગમાં ગુજરાત પહેલેથી જ આગળ પડતું રાજય રહ્યું છે. ગુજરાતમાં અમદાવાદ, જેતપુર, સુરત, કચ્છ, જામનગર, ભાવનગર, રાજકોટ કાપડ ઉદ્યોગ માટે પ્રખ્યાત છે. આમદવાદનો કાપડ

ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

ઉદ્યોગ માટે ૧૯મી સદીનો છે. રાજકોટ જીલ્લામાં આવેલ જેતપુર સાડી ઉદ્યોગનુ હબ માનવામાં આવે છે. જેતપુરમાં સુતરાઉ કાપડના વિકાસને ધ્યાન રાખીને તેનુ નામ 'મીની દુબઈ' પાડવામાં આવ્યુ હતુ ગુજરાતના કાપડ ઉદ્યોગના વિકાસમા જેતપુરનો અનન્ય ફાળો છે.

હેતુઓ

(૧)જેતપુરના કાપડ ઉદ્યોગનું ચિત્ર તપાસવુ

(૨)જેતપુરના કાપડ ઉદ્યોગમાં રોજગારીની તકો તપાસવી

(૩)જેતપુરના કાપડ ઉદ્યોગની ઉત્પાદકતા તપાસવી

(૪) જેતપુરના કાપક ઉદ્યોગના શ્રમિકો અને માલિકોના પ્રશ્નો તપાસવ

જેતપુરનો કાપડ ઉદ્યોગ

કનેલ જેન્સે જેતપુરને કાઠીયાવાડના વેપારનું મોટું મથક (કેપિટલ ઓફ કાઠિયાવાડ) કહ્યું હતું. જેતપુર કાપડ ઉદ્યોગમાં પહેલેથી જ મોખરે રહ્યું છે. જેતપુરની ભાદર નદીમાં કુતિયાણા સુધી વહાણો દ્વારા કાપડ અને અન્ય વસ્તુઓનો વેપાર કરવામાં આવતો આજે જેતપુરમાં કાપડ રંગાટ અને કાપડ પ્રિંટિંગ અને છાપકામ મુખ્ય ઉદ્યોગ છે જેતપુર આજે નાના-મોટા ૨000થી વધુ યુનિટો ડાઇંગ માટે ચાલી રહ્યા છે. જેતપુરમાં સાડીઓ ઉપરાંત કાપડ,ડ્રેસ,બાંધણીની ચુંદડી વખણાય છે પાકો રંગ અને ગુણવતાની દ્રષ્ટિએ જેતપુર માત્ર ગુજરાત કે ભારતમાં જ નહીં પણ વિદેશમાં પણ પ્રખ્યાત થયું છે. જેતપુર દેશનો કરોડોનું હુડિયામણ કમાવી આપે છે સાથે જ જેતપુર રોજગારીનું એક મોટું કેન્દ્ર છે જેતપુર અને તેના પર (બાવન) ગામડાના લગભગ લોકો સીધી કે આડકતરી રીતે જેતપુરમાથી રોજગારી મેળવે છે. ગુજરાત ઉપરાંત બિહાર, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઉતરપ્રદેશ, રાજસ્થાન વગેરેના લગભગ ૨૫ હજાર જેટલા શ્રમિકો જેતપુરના ડાઇંગ ઉદ્યોગપર નિર્ભર છે. એક અહેવાલ પ્રમાણે ગુજરાતમાં સૌથી વધુ દૈનિક રોજગારી જેતપુર પૂરું પાડે છે.

ઉત્પાદન ક્ષમતા

ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA

An International Multidisciplinary Research E-Journal

જેતપુરના ડાંઇગ અને પ્રિન્ટીંગ ઉધોગમા પરંપરાગત સાડીઓ (કપાસમાથી બનેલા કાપડની સાડીઓ),બાંધણીની સાડી તથા ડ્રેસ ,ભાત/ભાતની ચુદડીઓ,લુગી, પાઘડી તથા આફ્રિકાના લોકોના વસ્ત્રો ટે જેમા ખાગો અને કીટાંગાનો સમાવેશ થાય છે તેમજ ચુટણી માટેનુ કાપડ વગેરેનુ ઉત્પાદન કરવામા આવે છે. TERI ( The Energy And Resources Institute ) ૨૦૧૫ના અહેવાલ અનુસાર જેતપુરમા ૧૧૨૦ જેટલા ડાંઇગ અને પ્રિન્ટીંગ એકમો આવેલા છે (હાલમા તેની સંખ્યામાં ૨૫૦૦ થી પણ વધુ છે) જેમના મોટાભાગના એકણો Ministry of MSME ના અંતર્ગત આવે છે ઉત્પાદન ક્ષમતાની જો વાત કરીએ તો,

-સુક્ષ્મ ઉધોગ: Annual production up to 3000 metter per day

-નાનાપાયાનાઉધોગ: Annual production Between 3000-20000 metter per day

-મધ્યણમ કદના ઉધોગ : Annual production Between 20000-100000metter per day

આ ઉધોગોમા વપરાતા કાચામાલની જો વાત કરીએ કાપડ માટે મુખ્ય બે પ્રકારના કોટનનો ઉપયોગ થાય છે ગ્રે કોટન અને સફેદ કોટન જેમાથી ઘરગથ્થુ એટલે કે ગુજરાત માથી સફેદ કોટન ખરીદવામા.આવે છે.આ ઉપરાંત તમિલનાડુ માથી પણ સફેદ કોટન ખરીદવામા આવે છે ઉંચી ગુણવત્તા વાળુ ગ્રે કોટન મહારાષ્ટ્ર તથા તમિલનાડુ માથી ખરીદવામા આવે છે.

જેતપુરના કાપડ ઉધોગમાં રોજગારી

જેતપુર તાલુકામાં પર ગામડા આવેલા છે. આ બધાજ ગામડાના મોટાભાગના લોકોને જેતપુરનો ડાઇંગ ઉધોગ રોજગારી પૂરી પાડે છે આ ઉપરાંત બિહાર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉતરપ્રદેશ, મહારાષ્ટ્ર વગેરે રાજ્યના લોકો પણ રોજગારી માટે જેતપુર આવે છે. શ્રમિકો ઉપરાંત અન્ય કર્મચારી ને પણ મોટી રોજગારી જેતપુર પૂરી પાડે છે. રોજગારીની દ્રષ્ટિએ બીજી બાબતની વાત કરીએ તો સાડી છાપવા માટેના સાધનો જેમકે મોટા ટેબલો, સ્ટાપર, રંગ, મીણ, ગમ, કાપડ વગેરેના વ્યાપારીને સારા પ્રમાણમા જેતપુર એક બજાર પૂરી પાડે છે. આ ઉપરાંત મોટા પ્રમાણમા પાણી, વીજળી, લાકડાનો

ઉપયોગ પણ કરવામાં આવે છે કાચામાલની ખરીદી માલ-સમાનને બજાર સુધી પહોંચાડવા માટે વાહન વ્યવહારને પણ મોટા પ્રમાણમા રોજગારી પુરી પાડે છે એસ.પી. દવેએ કરેવા સંશોધન મુજબ જેતપુરનો કાપડ ઉધોગ  બે લાખ લોકોને સીધી કે આડકતરી રીતે રોજગાર પુરુ પાડે છે આમ રોજગારીની દ્રષ્ટિ જેતપુરમાં સાડી ઉધોગનો ફાળો અગ્રેસર છે.

આવક અને જીવન ધોરણ

રોજગારીની વધુ તક હોવાના કારણો લોકોની આવકમાં પણ સારો વધારો થાય છે છેલ્લા ઘણા વર્ષોથી એવું જોવા મળ્યું કે જે શ્રમિકો અને કર્મચારી સાડી ઉધોગમા કામ કરતાં હતા એ વર્ષોના અનુભવના કારણે અશિક્ષિત અને ઓછા તાલીમબધ્ધ હોવા છતાં એ પોતાના નાના-યુનિટો ચાલુ કરવા લાગ્યા છે અથવા સાડીના કારખાના કમિશન ઉપર ચલાવી રહ્યા છે આથી પહેલાની તુલનામાં તેમની આવકમાં અનેક ગણો વધારો થયો છે બીજી મુખ્ય બાબતએ કે જે કારખાના નિયોજકો છે તે જ મોટાભાગે વહેચનારા પણ છે આથી આના કારણો પણ તેની આવકમાં સારો એવો વધારો થયો છે અને તે સામાન્ય નફાને ધ્યાનમાં રાખીને કિમત દ્વારા વેચાણ કરે છે આથી અમુક પ્રમાણમાં ગ્રાહકોને બચતો થાય છે આ ઉપરાંત દિવાળી બોનસમાં પણ શ્રમિકો અને કર્મચારીના પગારમાં વધારો કરવામાં આવે છે.રોજગારી અને આવકના વધારાના કારણે જેતપુરના લોકોના જીવન ધોરણમાં મહત્વનો સુધારો આવ્યો છે આ ઉપરાંત બિહાર જેવા રાજ્યમાંથી આવતા લોકો અહી સારા પ્રમાણમા આવક પ્રાપ્ત થાય છે તેમજ રહેઠાણની સુવિધા પણ કારખાનાની બાજુમાં સરળતાથી મળી રહે છે પહેલાની તુલનામાં આવા શ્રમિકોની સ્થિતિમાં સારો એવો સુધારો આવ્યો

જેતપુરના કાપડમા છાપકામની ટેકનોલોજી

જેતપુરના ડાંઇગ અને પ્રિન્ટીંગ ઉધોગમા છાપવામાં માટે ખુખ્ય બે પ્રકારની ટેકનોલોજીનો ઉપયોગ થાય છે. (૧એઓટોમેટિક પ્રિન્ટીંગ મશીન અને(૨) મેન્યુઅલ સ્ક્રીન પ્રિન્ટીંગનો સમાવેશ થાય છે. જેમા ઠંડા ખાતામાં હાથ દ્વારા છાપકામ અને ગરમ ખાતામાં હાથ દ્વારા છાપકામ કરવામાં આવે છે.

જેતપુરના કાપડ ઉદ્યોગના શ્રમિકોના પ્રશ્નો

જેતપુરના ડાઇંગ ઉદ્યોગનું જેટલું મહત્વ છે તેની સાથે ડાઇંગ ઉદ્યોગની કેટલીક સમસ્યાઓ પણ છે. જેમાં એક સમસ્યા શ્રમિકોના પ્રશ્નો છે. પૂર્વ થયેલા સંશોધનના આધારે અહી શ્રમિકોના વેતન પ્રશ્નો બહુ ઓછા જોવા મળે છે તેને પૂરતા પ્રમાણ વેતન મળી રહેલું હતું પણ સ્થાનિક શ્રમિકોનો એક મહત્વનો પ્રશ્ન છેલ્લા થોડાક વર્ષોથી સામે આવ્યા છે. જે શ્રમિકો બીજા છે તે ઓછા વેતન કામ કરવા તૈયાર થઈ રહ્યા છે જે વેતન સ્થાનિક શ્રમિકોને પરવડે તેમ નથી આથી રોજગારી હોવા છતાં સ્થાનિક શ્રમિકોને આ કામ છોડવું પડે તેમ છે બીજા અન્ય કૌશલ્યના અભાવને કારણે તેને બેરોજગાર બેસી રહેવું પડે છે આ ઉપરાંત ડાઇંગ ઉદ્યોગમાં વપરાતા કલર અને કેમિકલ્સને કારણે શ્રમિકોના આરોગ્યના પ્રશ્નો ગંભીર બન્યા છે.

માલિકોના પ્રશ્નો

જેતપુરના ડાઇંગ ઉદ્યોગમાં જેવી રીતે શ્રમિકોના પ્રશ્નો છે તેવી જ રીતે માલીકોના પણ ઘણા પ્રશ્નો છે સૌથી મોટા પ્રશ્નએ થોડા સમયથી પર્યાવરણની માઠી અસરોના કારણે સરકારના કડક નિયંત્રણો ઘણા યુનિટો બંધ કરવામાં આવ્યા છે આથી તેના માલિકો શ્રમિકો બેરોજગાર બનીયા છે. આથી સાથે જ ડાઇંગ ઉદ્યોગ અન્ય કારખાના સામે હરીફાઈમાં ટકવા માટે મોટા પ્રમાણમા ખર્ચ કરવું પડે છે જેમકે નવી ટેકનૉલોજી વસાવવી શ્રમિકો વેતનમાં વધારો કરવો વગેરે આ ઉપરાંત્ત મોટાભાગના કારખાના જેતપુરમાં બુધવારના દિવસે વીજળીના અભાવે ઉત્પાદન કા તો બંધ અથવા સાવ ઓછા પ્રમાણમા કરવું પડે છે કેટલાક કારખાનામાં સાડી સુકવવા માટે મોટી સમસ્યા પેદા થાય છે જેના કારણે તે નવું ઉત્પાદન અને વહેચાણ નથી કરી શકતા.

પ્રદૂષણની સમસ્યા

જેતપુર જે રીતે ડાઇંગ ઉદ્યોગ માટે પ્રખ્યાત છે, તેવી જ રીતે થોડા સમયથી પ્રદૂષણ માટે પણ ચર્ચાનો વિષય રહ્યો છે. કેટલાક કારખાના પોતાનું ખરાબ પાણી સીધું ભાદર નદીમા છોડી દેવાય છે. એક સમયે જે ભાદર નદીમાં માછીમારી થતી હતી તે જ ભાદર આજે પ્રદૂષણના કારણે એક માછલું જોવા નથી મળતું આ સાથે પહેલા ભાદરની આજુબાજુના નાના-નાના ખેતરો જોવા મળતા હતા હવે

ISSN 2454-8596
www.MyVedant.com
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

તેની જગ્યાએ હવે પત્થરવાડા મેદાન અને કારખાના જોવા મળે છે. ભાદર નદીનું ગંદુ પાણી જમીનમાં ઉતરવાના કારણે આજુબાજુ વિસ્તારથી માંડીને ધોરાજી સુધી લાલ અને કાળા રંગનું પાણી નીકળે . આ ઉપરાંત શ્રમિકો અને સ્થાનિક લોકોને ચામડીના અને પથરીના રોગો પણ જેતપુર વધુ જોવા મળે છે. ઘણા કારખાના દ્વારા ખુલ્લામાં ધુમાડો છોડવામાં આવે છે જેથી પણ હવાનું પ્રદૂષણ વધ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોથી પ્રદુષણ ઘટાડો નોંધાયો છે હવે ઘણા એકમોમાં પાણી શુદ્ધ કરી ત્યારે બાદ ફરીથી વપરાશ કરવામાં આવે છે પછી પાણી છોળવામા આવે છે .

તારણો

જેતપુરનો કાપડ ઉધોગએ ગુજરાતના વિકાસમા મહત્વનો ભાગ ભજવ્યો છે. જેતપુરના અર્થતંત્રનો મુખ્ય આધાર આ કાપડ ઉધોગ છે. આમતો જેતપુરના કાપડ ઉધોગની મહત્વતા ઘણી રહેલી છે હજુ પણ સારી ટેકનોલોજીની મદદથી વિશ્વિક કક્ષા ગુણવત્તા અને પુરવઠામા વધારે કરી શકે તેવી ક્ષમતા આ ઉધોગમા રહેલી છે. ઘણા સમયથી જેતપુરનો કાપડ ઉધોગ કેટલીક સમસ્યાનો સામનો પણ કરી રહ્યું છે. ૨૦૦૧નો ભુકંપ ,૨૦૦૮ની મંદી, તાજેતરમાં થયેલ નોટબંધી , GST, અને પ્રવર્તમાનમા ચાલી રહેલા કોરોના વાઈરસ (કોવિડ-૧૯) વગેરેના કારણે જેતપુરના કાપડ ઉધોગ પર માઠી અસરો થઇ છે.

VIDHYAYANA

સંદર્ભસુચિ

ડાંઇગ અને પ્રિન્ટીંગ ઉધોગને કારણે સર્જાયેલી જળ પ્રદુષણ ની સમસ્યા જેતપુરના સંદર્ભે વ્યાસ સોનલ વિ. 2011

જેતપુર શહેરના સાડી ઉધોગનો વિકાસ ,પ્રશ્નો અને ભાવિ અંગેનુ આર્થિક વિશ્લેષણ  સંજય પી દવે 2018

યોજના -૨૦૧૬

TERI -2015 cluster profile jetpur textile industries

Jetpur wikipedia